# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
# ગાંધીનગર

## <u>પ્રેસ નોટ</u>

તા:૦૧/૦૪/૨૦૨૫

**રાજ્ય સરકાર હસ્તક ની વીજ કંપનીઓ તથા અન્ય વીજ-વિતરણ લાઈસન્સ કંપનીઓ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના ટ્રુઇંગ-અપ, બહુવર્ષિય પ્રશુલ્ક (MYT) નિર્ધારણ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૦૩૦ માટે એકત્રિત મહેસૂલ (ARR) ની જરૂરિયાત માટે ની મંજૂરી માટે અને નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રશુલ્ક નું નિર્ધારણ માટે અરજીઓ/પીટીશન દાખલ કરેલ. આ પીટીશન/અરજીઓ, વાર્ષિક હિસાબ સાથે આયોગ દ્વારા નિર્દેશિત કર્યા મુજબ, જીઇઆરસી બહુવર્ષિય પ્રશુલ્ક (MYT) વિનિયમો, ૨૦૨૪ હેઠળ સૂચવેલ સિદ્ધાંતો અને તેની પદ્ધતિઓનું પાલન કરી ફાઇલ કરવામાં આવેલ. આ પીટીશન/અરજીઓ ઇલેકટ્રીસિટી એક્ટ, ૨૦૦૩ અને ટેરિફ ઓર્ડર આપવા માટે સંબંધિત નિયમો અનુસાર નોંધાયેલી હતી.**

વીજ કંપનીઓને લોકોની ભાગીદારી ***સુનિશ્ચિત*** કરવા માટે અખબારોમાં તેમની પીટીશન/અરજીઓ પ્રકાશિત કરવા માટે નિર્દેશ આપવામાં આવેલ. જાહેર ટિપ્પણીઓ અને સૂચનોને આમંત્રણ આપવા માટે એક વ્યાપક કવાયત હાથ ધરવામાં આવી હતી. આયોગ ને મળેલ વાંધા અને સૂચનોના યોગ્ય અભ્યાસ કરવામાં આવેલ અને ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ જાહેર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કેટલાક વ્યક્તિઓ અને સંગઠનો સહિતના ઘણા હિસ્સેદારોએ સુનાવણીમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

ત્યારબાદ, આયોગે બહુવર્ષિય પ્રશુલ્ક (MYT) નિયંત્રણ અવધિ માટે એકત્રિત મહેસૂલ (ARR) ની જરૂરિયાત માટે મંજૂરી આપી, ટેરિફ નક્કી કર્યા, અને અરજીઓ પર અંતિમ ટેરિફ ઓર્ડર જારી કર્યા. વીજ ગ્રાહકો માટે સુધારેલા વીજળીના ટેરિફ રેટ ૧લી એપ્રિલ ૨૦૨૫થી લાગુ થશે. ટેરિફ ઓર્ડરની મુખ્ય હાઇલાઇટ્સ નીચે મુજબ છે:

- રાજ્ય સરકાર હસ્તક ની વીજ વિતરણ કંપનીઓ તેમજ ટોરેન્ટ પાવર લિમિટેડ (અમદાવાદ, ગાંધીનગર અને સુરત વિસ્તારો) કંપનીના ગ્રાહકો માટેના વીજ દરમાં કોઈ જ ફેરફાર કરેલ નથી.

- રાજ્ય સરકાર હસ્તક ની વીજ વિતરણ કંપનીઓ ના વીજ ગ્રાહકો માટે –
    - જે ગ્રાહકો પ્રી-પેઇડ સ્માર્ટ-મીટરિંગ અને બિલિંગની ગોઠવણીની પસંદગી કરે છે. એમના માટે એનર્જી ચાર્જ માં૨% રીબેટ લાગુ પાડવામાં આવશે.
    - RGP, GLP, NRGP, LTMD, LT EV ચાર્જિંગ સ્ટેશન ના ગ્રાહકો (સ્માર્ટ મીટરિંગ ગોઠવણી, પ્રિ-પેઇડ વિકલ્પ સાથે) તથા HTP-I, HTP-II અને HT EV ચાર્જિંગ સ્ટેશન ના તમામ ગ્રાહકો માટે ૧૧:00 કલાક થી ૧૫:00 કલાક દરમ્યાન ના વીજ વપરાશ માટે યુનિટ દીઠ ૬૦ પૈસા છૂટ નિર્ધારિત કરેલ છે..
    - NRGP અને LT EV ચાર્જિંગ સ્ટેશનોની શ્રેણીમાં 10kW થી વધુ કોન્ટ્રાક્ટ લોડ ધરાવતા LT ગ્રાહકો (સ્માર્ટ મીટરિંગ વ્યવસ્થા, પ્રિ-પેઇડ વિકલ્પ સાથે) અને HT EV ચાર્જિંગ સ્ટેશનોના તમામ ગ્રાહકો માટે 0૭:00 કલાકથી ૧૧:00 કલાક અને ૧૮:00 કલાકથી ૨૨:00 કલાક નદરમિયાનના વીજ વપરાશ માટે પ્રતિ યુનિટ ૪૫ પૈસાનો વધારાનો ચાર્જ લાગુ કરવામાં આવ્યો છે.
    - બધા HV ગ્રાહકો માટે ૧% રિબેટ દાખલ કરવામાં આવ્યું છે, ૩૩ kV /૬૬kV EHV ગ્રાહકો માટે રિબેટ વધારીને ૧.૫% અને EHV ૧૩૨ kV અને તેથી વધુ ગ્રાહકો માટે રિબેટ વધારીને ૨% કરવામાં આવ્યું છે.
- ‘ગ્રીન પાવર શુલ્ક’ માટે વધારાના ટેરિફ રેટ રૂ.૧.00 પ્રતિ યુનિટ થી ઘટાડી ને રૂ.૦.૯૦ પ્રતિ યુનિટ કરેલ છે.
- જેટકોના પ્રવહન માટેના હાલના દર રૂ.૪૧૩૦.૩૨ પ્રતિ મેગાવોટ (MW) પ્રતિ દિવસ થી ઘટાડીને નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૩૯૧૮.૦૧ પ્રતિ મેગાવોટ (MW) પ્રતિ દિવસ નિર્ધારિત કરેલ છે.
- ટૂંકા ગાળાના વપરાશકર્તાઓ માટે પ્રવહન દર વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૩૭.૭૫ પૈસા પ્રતિ યુનિટ દીઠ મંજૂર કરેલ છે.
- રાજ્ય વીજભાર રવાનગી કેન્દ્ર માટે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ.૫૬૫૪.૪૭ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

- FPPPA ચાર્જીસની હાલની ત્રિમાસિક ગણતરી અને બિલિંગની પદ્ધતિને બદલે, ગુજરાત વિધુત નિયંત્રક આયોગ, બહુ-વર્ષિય પ્રશુલ્ક (MYT) વિનિયમો ૨૦૨૪ અનુસાર માસિક ફ્યુઅલ અને પાવર ખરીદી એડજસ્ટમેન્ટ સરચાર્જ (FPPAS)ની ગણતરી અને બિલિંગ, ગુજરાત વિધુત નિયંત્રક આયોગ, બહુ-વર્ષિય પ્રશુલ્ક (MYT) વિનિયમો ૨૦૨૪ અનુસાર લાગુ થશે.

યુજીવીસીએલ સિવાયના અન્ય પરવાનેદારો માટે ખરેખર વીજ-વિતરણ ઘટ આયોગ દ્વારા આપવામાં આવેલા લક્ષ્યાંક કરતાં નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ઓછી આવેલ છે. વાસ્તવિક વિતરણ ઘટ વર્ષ ૨૦૨૩-૨૪, વર્ષ ૨૦૨૪-૨૫ તેમજ વર્ષ ૨૦૨૫-૨૬ ના લક્ષ્યાંક નીચે આપેલા કોષ્ટકમાં બતાવવામાં આવ્યા છે.

**(વીજ વિતરણ ઘટ)**

| ડિસ્કોમ્સ | વાસ્તવિક વીજ વિતરણ ઘટ વર્ષ ૨૦૨૩-૨૪ | આયોગ દ્વારા આપવામાં આવેલ લક્ષ્ય વર્ષ ૨૦૨૪-૨૫ | આયોગ દ્વારા આપવામાં આવેલ લક્ષ્ય વર્ષ ૨૦૨૫-૨૬ |
|---|---|---|---|
| યુજીવીસીએલ | ૮.૦૮% | ૭.૦૦% | ૫.૭૧% |
| ડીજીવીસીએલ | ૧.૩૧% | ૧.૬૦% | ૧.૩૧% |
| એમજીવીસીએલ | ૬.૭૭% | ૮.૩૭% | ૬.૨૨% |
| પીજીવીસીએલ | ૧૫.૧૫% | ૧૫.૫૦% | ૧૩.૬૫% |
| ટીપીએલ-અમદાવાદ-ગાંધીનગર | ૪.૧૬% | ૩.૭૪% | ૩.૭૪% |
| ટીપીએલ – સુરત | ૨.૭૭% | ૩.૧૭% | ૨.૭૭% |

**- સહિ -**
**(રંજીથ કુમાર. જે., આઇએએસ)**
**સચિવ**
**ગુજરાત વિધુત નિયંત્રક આયોગ**
**ગાંધીનગર**